*This Question Paper contains 8 printed pages.*

Seat No.:

Sl. No. :

# 141(G)

**(February, 2025)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ : 1) આ પ્રશ્નપત્રમાં કુલ 64 પ્રશ્નો છે.

2) બધાજ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.

3) જમણી બાજુ આપેલા અંક ગુણ દર્શાવે છે.

4) પ્રશ્નોની સૂચના પ્રમાણે જ જવાબ લખો.

5) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ નીચેના 1 થી 20 પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે. [20]

1) ત્વચા દ્વારા કેટલા પ્રકારના સંવેદનોનો અનુભવ થાય છે ?

(A) ત્રણ

(B) નવ

(C) બે

(D) ચાર

2) 'ધ્યાનની જનની' તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) શિક્ષણ

(B) જરૂરિયાત

(C) ટેવ

(D) રસ

3) થોર્નડાઇકના બિલાડી પરનાં પ્રયોગમાં બિલાડીને કેટલા પ્રયત્ને શિક્ષણ મળ્યું હતું ?

(A) છ

(B) ચોવીસ

(C) બાર

(D) અઢાર

4) અનુભવ અને મહાવરાને કારણે વર્તનમાં થતા સાપેક્ષ કાયમી પરિવર્તનને શું કહેવાય છે ?

(A) સંવેદન

(B) ધ્યાન

(C) શિક્ષણ

(D) પ્રત્યક્ષીકરણ

5) બુદ્ધિ અંગેનો ત્રિપરિમાણાત્મક સિદ્ધાંત કોણે દર્શાવ્યો ?

(A) થર્સ્ટન

(B) ગિલ્ફર્ડ

(C) સ્પીયરમેન

(D) ગાર્ડનર

6) માનસિક પડકાર રૂપ ધરાવતી વ્યક્તિનો બુદ્ધિઆંક કેટલો હોય છે ?

(A) 130 થી વધુ

(B) 70 થી નીચે

(C) 80 થી 89

(D) 110 થી 119

7) માનવીના મનમાં રૂઢ થયેલાં ખોટા ખ્યાલોને શું કહે છે ?

(A) મનોવલણ

(B) અભિસંધાન

(C) પૂર્વગ્રહ

(D) સામાજિકરણ

8) મનોવલણો જન્મજાત નહીં પરંતુ કેવા હોય છે ?

(A) અપેક્ષિત

(B) અનિવાર્ય

(C) સંપાદિત

(D) કાયમી

9) આંતરિક સહજ પ્રતિક્રિયા કઈ છે ?

(A) હસવું

(B) રડવું

(C) દોડવું

(D) ચાલવું

10) વ્યક્તિ સમક્ષ જ્યારે બે વિકલ્પો હોય અને બન્ને એને પસંદ હોય પરંતુ બેમાંથી એકની જ પસંદગી કરવાની હોય ત્યારે ઉત્પન્ન થતો સંઘર્ષ કયા પ્રકારનો સંઘર્ષ છે ?

(A) અભિગમન - અભિગમન સંઘર્ષ

(B) વિગમન - વિગમન સંઘર્ષ

(C) અભિગમન - વિગમન સંઘર્ષ

(D) એકેય નહિ

11) અજ્ઞાત કે અભાનપણે અહમ્‌ને ટકાવી રાખવાની પ્રયુક્તિને શું કહે છે ?

(A) દમન

(B) બચાવ પ્રયુક્તિ

(C) વ્યક્તિત્વ

(D) સ્વપ્નાવસ્થા

12) કઇ મનોવિકૃતિમાં બાળક તેને કહેવામાં આવેલા વાક્યોનું પુનઃ ઉચ્ચારણ અવારનવાર કરે છે ?

(A) ઓટિઝમ

(B) ADHD

(C) ડિસ્લેક્ષીયા

(D) લખવાની વિકૃતિ

13) અસરકારક સલાહનાં લક્ષણો નીચેમાંથી કોણે દર્શાવ્યા છે ?

(A) પેટ્ટરશન

(B) મોર્ગન

(C) જે.બી. વોટ્સન

(D) ફ્રોઈડ

14) મહર્ષિ મહેશ યોગી દ્વારા કયા ધ્યાનનો પ્રસાર થયો છે ?

(A) વિપશ્યના

(B) ભાવાતીત

(C) માઈન્ડફૂલ

(D) લેશ્યા ધ્યાન

15) કયા મનોવૈજ્ઞાનિકે પર્યાવરણના અભિગમને પાંચ તંત્રના ખ્યાલ દ્વારા સમજાવ્યો છે ?

(A) એટકીનસન

(B) સ્કીનર

(C) કર્ટ લેવિન

(D) બ્રોનફેનબ્રેનર

16) રેફ્રિજરેટરમાં કયા વાયુનો ઉપયોગ થાય છે ?

(A) ઑક્સિજન

(B) કાર્બન ડાયોક્સાઇડ

(C) ક્લોરોફ્લુરો કાર્બન

(D) નાઇટ્રોજન

17) જેમાં એક જ વ્યક્તિ વ્યવસ્થાપક અને માલિક બન્ને હોય તેવી સંરચના એટલે ?

(A) અમલદારશાહી સંરચના

(B) સરળ સંરચના

(C) સમચોરસીય સંરચના

(D) જટિલ સંરચના

18) કર્મચારીની પસંદગી માટેની પદ્ધતિઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) અરજીપત્રક

(B) મુલાકાત

(C) લાગવગ કે ભલામણ

(D) લેખિત કસોટી

19) નીચેનામાંથી કયો અનુભવ વિધાયક વ્યક્તિલક્ષી અનુભવ નથી ?

(A) આનંદ

(B) સંતોષ

(C) હતાશા

(D) આશા અને આશાવાદ

20) બિન શાબ્દિક સંકેતોને પારખવામાં કોણ વધુ કુશળ જોવા મળે છે ?

(A) સ્ત્રીઓ

(B) પુરુષો

(C) બન્ને સરખાં કુશળ જોવા મળે છે.

(D) કંઈ કહી ન શકાય

## વિભાગ - B

■ **નીચેના 21 થી 30 પ્રશ્નોના ઉત્તર 1 વાક્યમાં લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

21) સામાન્ય રીતે મનુષ્ય કેટલા CPS સુધીની કંપન સંખ્યાવાળો અવાજ સાંભળી શકે છે ?

22) પાવલોવે કયા પ્રાણી પર પ્રયોગ કર્યો હતો ?

23) વ્યક્તિગત બુદ્ધિ કસોટી કોને કહે છે ?

24) સમૂહ માધ્યમના સાધનોના નામ આપો.

25) ઈજનેરી વિદ્યામાં 'Stress' શબ્દનો અર્થ જણાવો.

26) વર્તનવાદના પ્રણેતા કોણ હતા ?

27) સલાહમાં ઓછામાં ઓછા કેટલા માણસો પ્રત્યક્ષ સંપર્કમાં આવે છે ?

28) હવાનું પ્રદૂષણ ઘટાડવા શું કરવું જોઈએ ?

29) અમલદારશાહી સંરચના એટલે શું ?

30) સુખના પ્રકારો જણાવો.

## વિભાગ - C

■ **નીચે આપેલા 31 થી 44 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. દરેક પ્રશ્નના 2 ગુણ છે.** **[20]**

31) ધ્યાનને આકર્ષનારા વસ્તુલક્ષી ઘટકો જણાવો.

32) ધ્યાનના કોઈપણ ચાર લક્ષણો જણાવો.

33) આંતરસૂઝના પ્રયોગો કોણે કોની ઉપર કર્યા હતા ?

34) માનસિક વયની વ્યાખ્યા આપો.

35) મનોવલણ ઘડતરને અસર કરતાં ઘટકો જણાવો.

36) 'પૂર્વગ્રહો વિપચક્ર જન્માવે છે.' સમજાવો.

37) હતાશાની વ્યાખ્યા આપો.

38) ઉપરી અહમ્‌ની સમજૂતી આપો.

39) વિકૃત ભયને સમજાવી તેના પ્રકારો જણાવો.

40) 'સલાહાર્થી' અને 'સલાહકાર' નો અર્થ સમજાવો.

41) પ્રતીક વિનિમય પદ્ધતિમાં કેવાં પ્રતીકો અપાય છે ?

42) ભૌતિક પર્યાવરણમાં કઇ કઇ બાબતોનો સમાવેશ થાય છે ?

43) વિજ્ઞાપનની અસરકારકતા માટે કયાં પરિબળો નિર્ણાયક બને છે ?

44) વિધાયક મનોવિજ્ઞાનનાં ધ્યેયો જણાવો.

## વિભાગ - D

■ **નીચે આપેલા 45 થી 58 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** [30]

45) પ્રત્યક્ષીકૃત સંગઠનમાં 'સમાનતા અને પૂરકતા' સમજાવો.

46) થોર્નડાઇકનો પ્રયોગ સમજાવો.

47) ગાર્ડનરે દર્શાવેલ બુદ્ધિની લાક્ષણિકતાઓમાંથી ભાષાકીય, તાર્કિક-ગાણિતિક અને સાંગીતિક બુદ્ધિ સમજાવો.

48) સામાન્ય જનસમુદાયમાં બુદ્ધિલબ્ધિના વર્ગીકરણ અને ટકાવારી દર્શાવતું કોષ્ટક જણાવો

49) મનોવલણો જૂથ વ્યાપી હોય છે. સવિસ્તાર સમજાવો.

50) પૂર્વગ્રહ ઘટાડવામાં સંચાર માધ્યમનું મહત્ત્વ સમજાવો.

51) મનોશારીરિક રોગો તરીકે હૃદયસંબંધી રોગો અને બલ્ડપ્રેશર સમજાવો.

52) માનસિક સ્વાસ્થ્ય સુધારણાના ઉપાયોમાંથી 'આહાર' અને 'કસરત' સમજાવો.

53) 'મનોપચાર' અને 'સલાહ' વચ્ચેના ત્રણ તફાવત લખો.

54) યોગના આઠ અંગોના નામ આપો અને 'યમ' વિશે ટૂંકી સમજ આપો.

55) બ્રોનફેનબ્રેનરના પર્યાવરણ અંગેના પાંચ તંત્રોની સમજૂતી આપો.

56) માનવવર્તનની પર્યાવરણ પરની અસરો તરીકે કુદરતી સંસાધનોના દુરુપયોગની સમજૂતી આપો.

57) વ્યવસ્થાપકની ભૂમિકાઓની સમજૂતી આપો.

58) લગ્નના ફાયદાઓ વર્ણવો.

## વિભાગ - E

■ **નીચે આપેલા 59 થી 64 પ્રશ્નોમાંથી કોઈપણ 4 પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** [20]

59) ધ્યાનના વ્યક્તિલક્ષી નિર્ધારકો ઉદાહરણ સહિત સમજાવો.

60) દૃષ્ટિ સંવેદનની વિગતે સમજૂતી આપો.

61) કોહલરે ચિમ્પાન્ઝી પર કરેલા પ્રયોગો જણાવી, ખોખાવાળો પ્રયોગ વર્ણવો.

62) સ્કિનરની સમસ્યા પેટીની રચના અને તેની પ્રયોગ યોજના સમજાવો.

63) પ્રતિભા સંપન્નતાના લક્ષણો વર્ણવો.

64) 'ગ્રીન હાઉસ અસર' ની વિગતે ચર્ચા કરો.

◆◆◆